# રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે વિધવા ઉમેદવારો માટે અગત્યની સૂચના

**તા. ૩૦/૦૪/૨૦૨૫**

રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે ઓનલાઇન અરજી કર્યા બાદ વિધવા બનેલ મહિલા ઉમેદવારોને શિક્ષણ વિભાગના તા.૧૨/૦૯/૨૦૨૪ અને તા.૨૭/૦૯/૨૦૨૪ ઠરાવની જોગવાઇ અનુસાર વિધવા મહિલા ઉમેદવાર તરીકેનો લાભ આપવા શિક્ષણ વિભાગના તા.૨૩/૦૪/૨૦૨૫ ના પત્રથી મંજૂરી આપવામાં આવેલ હોઇ, **અરજી કર્યા બાદ વિધવા બનેલ મહિલા ઉમેદવારો કે જેઓએ ઓનલાઇન અરજી વખતે વિધવા તરીકે અરજી કરેલ ન હોય તેવા ઉમેદવારો** વિધવા થયાના નીચે મુજબના આધારો સાથે તા. ૦૧/૦૫/૨૦૨૫ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મદદનીશ શિક્ષણ નિયામક(ભરતી), માધ્યમિક શાખા, કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર – ૧૯, ગાંધીનગરને **રૂબરૂમાં રજૂઆત** કરવાની રહેશે.

1) **વિધવા હોવા અંગેનો સક્ષમ સત્તાધિકારીનો દાખલો અને પુન:લગ્ન કરેલ નથી તે મુજબનું સોગંદનામું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર નોટરી સમક્ષ કરાવી રજૂ કરવાનું રહેશે.**

**નોંધ :**

- ✓ જે મહિલા ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરતી વખતે વિધવા ઉમેદવાર તરીકે અરજી કરેલ છે અને ડૉક્યુમેન્ટ વેરિફિકેશન થઇ ગયેલ છે તેવા ઉમેદવારોએ આ અંગે કોઇ પ્રક્રિયા કરવાની થતી નથી.
- ✓ સમયમર્યાદામાં મળેલ રજૂઆતો જ આગળની ભરતી પ્રક્રિયા માટે ધ્યાને લેવામાં આવશે.